SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, April to June : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ટ્રીઓ : લાઘવમાં વ્યક્ત થતું કાવ્યસૌંદર્ય

*ડૉ. પ્રવીણભાઈ એલ. વણકર*

***સારાંશ:***

*ગુજરાતી કવિતાના પ્રયોગશીલ પ્રવાહમાં 'ટ્રીઓ' લઘુકાવ્યપ્રકાર એક વિશિષ્ટ અને નોંધપાત્ર સર્જનાત્મક પ્રયોગ તરીકે અવતરી આવ્યો છે. સાહિત્યસર્જન મૂળતઃ ગતિશીલ અને પરિવર્તનશીલ પ્રવૃત્તિ હોવાથી સમયાંતરે નવા કાવ્યપ્રકારો અને અભિવ્યક્તિ-પ્રણાલીઓનું નિર્માણ થતું રહે છે. વીસમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી કવિતામાં હાઇકુના વધતા પ્રભાવ અને તેની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને સર્જક મધુ કોઠારીએ 'ટ્રીઓ' નામના નૂતન લઘુકાવ્યપ્રકારની રચના કરી. આ કાવ્યપ્રકારનો ઉદ્ભવ 'એક્સપેરીમેન્ટલ ગ્રુપ'ની પ્રયોગશીલ સાહિત્યિક પ્રવૃત્તિઓમાંથી થયો હતો. 'ટ્રીઓ' ત્રણ પંક્તિઓમાં રચાતું અછાંદસ લઘુકાવ્ય છે, જેમાં એક જ કલ્પન અથવા ઈમેજને કેન્દ્રમાં રાખીને ગાઢ સંવેદનાત્મક અને કલાત્મક અભિવ્યક્તિ રજૂ કરવામાં આવે છે. હાઇકુની જેમ તેમાં અક્ષરબંધન કે માત્રાત્મક ગોઠવણીનું બંધન નથી; પરિણામે કવિને અભિવ્યક્તિની વિશેષ મોકળાશ પ્રાપ્ત થાય છે. એઝરા પાઉન્ડની કલ્પનપ્રધાન કાવ્યવિચારણા, જાપાની હાઇકુ પરંપરા તથા આધુનિક કાવ્યપ્રયોગોની અસર હેઠળ આ સ્વરૂપ વિકસ્યું હતું.*

*આ લેખમાં 'ટ્રીઓ'ના ઉદ્ભવ, વિકાસ, સ્વરૂપલક્ષણો, પ્રયોગશીલતા તથા હાઇકુ સાથેની તુલનાત્મક વિશેષતાઓનું વિશ્લેષણાત્મક નિરૂપણ કરવામાં આવ્યું છે. સાથે સાથે મધુ કોઠારી, સતીશ ડણાક, હસમુખ રાવળ, આશિત હૈદરાબાદી વગેરે સર્જકોના યોગદાનને પણ વિશદ રીતે રજૂ કરવામાં આવ્યું છે. 'ટ્રીઓ' ગુજરાતી કવિતામાં લાઘવ, કલ્પનપ્રધાનતા, સંકેતસભરતા અને આધુનિક સંવેદનાના સમન્વયરૂપે એક અનોખું કાવ્યસ્વરૂપ બની રહ્યું છે, જે ગુજરાતી લઘુકાવ્ય પરંપરામાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે.*

***ચાવીરૂપ શબ્દો:*** *ટ્રીઓ, લઘુકાવ્ય, ગુજરાતી કવિતા, આધુનિક કાવ્યપ્રયોગ, મધુ કોઠારી, હાઇકુ, ઈમેજ કાવ્ય, પ્રયોગશીલ કવિતા, એઝરા પાઉન્ડ*

સાહિત્ય સર્જનની કલાપ્રવૃત્તિ ગતિશીલ અને પરિવર્તનશીલ છે. જેમ નૈસર્ગિક પ્રકૃતિમાં સમયાન્તરે વિવિધ ફેરફારો થતા રહે છે, તેમ સાહિત્ય સર્જનની પ્રવૃત્તિમાં પણ વિવિધ ફેરફારો પ્રયોગો સમય સમયે થતા રહે છે. ગુજરાતી કવિતાની વાત કરીએ તો સમયાન્તરે ઘણાંખરાં પરિવર્તન થયેલાં જોવા મળે. ગુજરાતી કાવ્યક્ષેત્રે સમયાન્તરે નવા કાવ્ય ફેરફારો આવતા ગયા છે. એમા જે ટકી ગયા તે અદ્યાપિ અતિ પ્રચલિત છે. ગુજરાતી સાહિત્યમાં અત્યાર સુધી ખેડાયેલા કવિતા પ્રવાહની  તપાસ આપણે કરી, તેમા કેટલાક કાવ્ય પ્રકારો વિદેશમાંથી આવ્યાનું જણાઈ છે, જ્યારે કેટલાક પ્રકારો ગુજરાતી કવિતાના પટ પર અવતર્યા છે. એમાંથી કેટલાક લોકપ્રિય બન્યા, તો કેટલાક થોડાક ખેડાઈને સમયના વહેણમાં સમી પણ ગયા. ગઈ સદીના આઠમા દાયકામાં મધુ કોઠારીને વિચાર આવ્યો કે લઘુ કાવ્યક્ષેત્રે ગુજરાતી કવિતામાં હાઇકુ વધારે ખેડાઈ રહ્યું છે, અને કવિતામાં વર્તુળો વળ્યા કરે છે. આ વિચારે એમને હાઇકુ જેવા જ બીજા લઘુ કાવ્યપ્રકારને ઘડવા માટે પ્રેર્યા. અને તેમણે હાઇકુમાંથી 'ટ્રીઓ' લઘુ-કાવ્ય પ્રકારને અવતરિત કર્યો.

ટ્રીઓનો ઉદ્ભવ લગભગ ઈ.સ. ૧૯૬૮માં થયો. 'ટ્રીઓ' એ Exprimental ગ્રૂપના પ્રયોગનું પરિણામ છે. તે સમયમાં ગુજરાતી સાહિત્યમાં નવી આબોહવા ઉત્પન્ન થઈ હતી. અમદાવાદના કવિઓ 'રે મઠ' ગ્રૂપ ચલાવતા, એવી રીતે મુંબઈના કવિઓનું 'યા હોમ' ગ્રૂપ વગેરે સક્રિય હતાં. તેઓ વિશેષ કરીને કવિતા ક્ષેત્રે અવનવા પ્રયોગો કરતાં હતાં. એના અનુસંધાનમાં રાજકોટના કવિઓએ Exprimental ગ્રૂપ શરૂ કર્યું હતું. તેમા આધુનિક કવિતાનું સર્જન થતું હતું. તે ઉપરાંત કોઈ નવો કાવ્યપ્રકાર નિપજાવવાના પણ પ્રયત્નો થતાં હતાં. આ પ્રયત્નમાંથી જ આ ગ્રુપે 'ટ્રીઓ' નવો કાવ્યપ્રકાર શોધી કાઢ્યો. જે ઘણો પ્રચલિત થયો. મધુ કોઠારી પહેલેથી કોઈક નવો પ્રકાર આપવા માટે મથામણો કરતાં રહેતા, તેવામાં જાણીતા ગાંધીયુગના કવિ સ્નેહરશ્મિએ જાપાની કાવ્યપ્રકાર 'હાઇકુ'નું ગુજરાતી કવિતામાં અવતરણ કર્યું હતું તેમાં મધુ કોઠારીને થોડી

મર્યાદા જણાઈ. વિશેષ તો હાઇકુમાં પાંચ-સાત-પાંચ અક્ષરોની ગોઠવણીનું બંધન હતું, એ ઉપરાંત પણ હાઇકુ ઘણું સસ્તું થઈ ગયું હોય તેમ શેરીએ શેરીએ કવિઓ ફૂટી નીકળ્યા હતા. પાંચ-સાત-પાંચના ક્રમમાં વાક્યો ગોઠવી દીધાં એટલે હાઇકુ થઈ ગયું, કેટલાક એમ માનતા હતાં. ખરેખર તો તેમા પ્રકૃતિનાં ઘટકોને મહત્ત્વ આપવામાં આવે છે, તેમાં 'Picture of Nature' શબ્દો દ્વારા તાદશ્ય કરવાનું હોય, તેના બદલે તેમા અક્ષરો ગોઠવાઈ જવા માંડ્યા. પછી ચિંતન પણ આવવા માંડ્યુ. પ્રકૃતિ વર્ણન બાજુમાં રહી ગયું. આ બધાથી વ્યથિત થઈને મધુ કોઠારીએ અક્ષરોનું બંધન કાઢી નાખ્યું, એ પછી કાવ્યને શીર્ષક આપવાનું પણ શરૂ કર્યું. હાઇકુ જાપાની કાવ્યપ્રકાર છે. તેમા Image પર વધારે ભાર આપવામાં આવ્યો છે. તેથી તેમણે પણ કલ્પનને પ્રાધાન્ય આપ્યું. આવી ગડમથલ પછી ટ્રીઓનું સ્વરૂપ બંધાયું. ને વિવિધ સામયિકોમાં 'ટ્રીઓ' પ્રસિદ્ધ થયાં. વર્તમાનપત્રોની સાહિત્યિક કૉલમોમાં તેના આસ્વાદ પણ પ્રસિદ્ધ થયા. આ પ્રકારને ખીલવનારા કવિઓમાં મધુ કોઠારી, આશિત હૈદરાબાદી, હસમુખ રાવળ, સતીશ ડણાક વગેરેનો બહોળો પ્રયાસ રહ્યો છે, ત્યારે આ તદ્દન નવો લઘુ કાવ્યપ્રકાર અસ્તિત્વમાં આવ્યો. ત્યાર પછી ઘણાંખરાં કવિઓએ મોટી સંખ્યામાં ટ્રીઓની રચના કરી છે.

'ટ્રીઓ' એઝરા પાઉન્ડ, સ્ટિફન જે. બ્રાઉન, લુઈસ કોલરીજ વગેરેની કાવ્ય વિચારણામાંથી ગુજરાતી કવિતામાં સ્ફૂરેલ લઘુ કાવ્યપ્રકાર છે. મધુ કોઠારી જેવા વિલક્ષણ સર્જક- વિવેચકના હસ્તે આ કાવ્ય પ્રકાર અવતરીત થયો, એટલું જ નહીં, પાલન પોષણ અને સંવર્ધન પણ પામ્યો છે.

ઈ.સ. ૧૯૬૬માં મધુ કોઠારીએ 'ડ્રાઉં ડ્રાઉં' સામયિક શરૂ કરેલું, આ લઘુ સામયિકમાં જુદી-જુદી આધુનિક કવિતાઓ પ્રસિદ્ધ થતી હતી. 'હાઇકુ પછી તનક' એ શીર્ષકથી લખેલા લેખમાં ચુનીલાલ મડિયા નોંધ્યો છે કે: "ડ્રાઉં ડ્રાઉં તરફથી 'તનક' ઉર્ફે 'ટ્રીઓ'ની કેટલીક રચનાઓ શરૂ થઈ હતી. આ સમયમાં તે અવારનવાર છપાતી હતી. 'ડ્રાઉં ડ્રાઉં'થી એટલે ટ્રીઓને પ્રસિદ્ધ મળી છે. આ સામયિકના અંતે ટ્રીઓ વિશેના કેટલાક અભિપ્રાય આપેલા છે, જેમાં 'ટ્રીઓ' એટલે કે 'તનક' કાવ્યમાં સંવેદનાની સઘનતા છે. કલ્પનની મોકળાશ છે, પણ હાઇકુની જેમ અક્ષરબંધન નથી. આ નાનીશી રચનાએ ખરેખર આપણે ત્યાં નવું અર્પણ બને છે. તમે જે આવા પ્રયોગો કરો છો તેથી સાહિત્યને તો લાભ છે." આમ, કહી 'ટ્રીઓ'ને તેમણે વધાવ્યો.

કોઈ નવું કાવ્ય જન્મે કે કોઈ નવો વિચાર કે પ્રકાર ઊભો થાય તેના પાછળ કોઈક ને કોઈક કારણો જવાબદાર હોય છે, ગુજરાતી કવિતામાં ઘૂંટાયેલા કાવ્યપ્રકારો વારંવાર ઘૂંટાયા કરતા હતાં, તેથી સર્જક મધુ કોઠારીને લાગ્યું કે કવિતા ઘણી સ્થગિત થઈ ગઈ છે. માત્ર ને માત્ર એક-બે જ કાવ્ય પ્રકારોમાં કવિતા વર્તુળો લેતી રહે છે. એ સમયે ગઝલમાં વધુ ખેડાણ થતું હતું, એમાંય જોઇએ  એટલા પ્રયોગો નહોતા, તેથી કોઈક નવા કાવ્યપ્રકારની જરૂરિયાત ઊભી થઈ, તેમણે થયું કે એવો પ્રકાર શોધવો જોઇએ  કે જે પ્રયોગોને ખમી શકે. ગુજરાતી કવિતાને એક કદમ આગળ લઈ જાય. કાવ્યવિશ્વમાં એક નવા જ પ્રકારની આબોહવા ઉત્પન્ન થાય. આવા વિચાર સાથે 'ટ્રીઓ' લઘુ કાવ્યપ્રકારનો જન્મ થયો. તે દરમ્યાન મધુ કોઠારીએ એઝારા પાઉન્ડની કાવ્યપ્રવૃત્તિ વિશે વાંચ્યું. એઝારા પાઉન્ડે કલ્પનને પ્રાધાન્ય આપ્યું હતું, તેનો ખૂબ જ ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો. એઝરા પાઉન્ડના કલ્પન પ્રાધાન્ય પરથી તેમને જણાયું કે એક જ ઇમેજ પર ત્રણ પંક્તિનું  અછાંદસ કાવ્ય તૈયાર થઈ શકે. આવી મનોસ્થિતિમાંથી તેમણે હાઇકુ જેવો જ 'ટ્રીઓ' લઘુ કાવ્યપ્રકારનો પ્રયોગ કર્યો.

'ટ્રીઓ' નામે લઘુ કાવ્યપ્રકાર શોધ્યો ત્યારે મધુ કોઠારીને આ પાશ્ચાત્ય કાવ્યવિચારણાએ જકડી રાખ્યા, એઝરા પાઉન્ડની જેવી Make it newની સ્થિતિ એમનામાં જન્મી. ગુજરાતી કવિતામાં એક સમયે બળવંતરાય ઠાકોરે આવી મથામણ કરીને સોનેટનું નવું સ્વરૂપ ગુજરાતી કવિતામાં ઉતાર્યું હતું અને સફળ પણ થયા. સામાન્ય કાવ્ય લખવું હોય તો અને પ્રયોગશીલ કાવ્ય લખવું હોય- આ બંને સ્થિતિઓમાં કવિએ ઘણું સજાગ રહેવું પડે છે. કાવ્ય સર્જતી પહેલા સતર્ક રહેવું પડે, કાવ્ય પંક્તિ સ્ફુરે એટલે તેનું ક્રોસ એક્ઝામિનેશન વારંવાર કરવું પડે, આ આખી લીલા ખૂબ મજા આવે તેવી છે, છતાં કાવ્યને ઉત્તમોત્તમ કક્ષાએ લઈ જવા કવિ પાસે ઘણો શ્રમ માગી લે તેવું કામ છે. કોઈ કવિ જ્યારે કાવ્ય સર્જતો હોય ત્યારે તે રચતાં પહેલા સર્જનાત્મક ચેતના (Creative Consciousness) ધરાવતો હોય છે. ટ્રીઓની શોધ પણ કંઈક વિશિષ્ટ એવી ચેતનામાંથી થઈ.

ટ્રીઓ સંજ્ઞાને તપાસતા એ જાણવા મળે કે, 'ટ્રીઓ' ગુજરાતી ભાષાનો શબ્દ નથી, આ મૂળ અંગ્રેજી ભાષાની સંજ્ઞા છે. 'Oxford Universel Dctionary of English – Gujarati' પ્રમાણે આ સંજ્ઞાનો મૂળ અર્થ 'ત્રયી', 'ત્રણનું જૂથ' કે 'ત્રણ નગારાં' એવો થાય છે. કાવ્યપ્રકારના સંદર્ભમાં તેનો અર્થ વ્યંજિત થાય છે, 'ત્રણ પંક્તિનું એક કલ્પન  પર આધારિત અછાંદસ કાવ્ય. જેમ ત્રણ નગારા- વાદ્ય દ્વારા વિશિષ્ટ પ્રકારનું

સંગીત ઉપજાવી શકાય તેવી રીતે, ટ્રીઓ લઘુ-કાવ્ય પ્રકારની ત્રણ પંક્તિઓમાં પણ વિશિષ્ટ કાવ્યાત્મક સૌંદર્ય ઉપજાવી શકવાની શક્તિઓ છે. જેમ નગારાનો વગાડનાર, જેટલો ઉસ્તાદ હોય એટલું જ મધુર સંગીત નીપજે. એ રીતે 'ટ્રીઓ' લઘુ કાવ્યપ્રકારને પ્રયોજનાર કવિ પણ જેટલો સર્જનાત્મક શક્તિઓથી ભરપૂર હશે એટલું જ કાવ્ય ઉત્તમ ઉપજશે. આવી સભાનતા સાથે જ  કવિ મધુ કોઠારીએ આ પ્રકારનું નામ 'ટ્રીઓ' એવું આપ્યું હશે. આપણે ઇન્ટરનેટ પર તપાસીએ તો ટ્રીઓ કવિતા મળે પણ તે ગુજરાતી ટ્રીઓથી જુદી પડે છે, પણ એમ જરૂર કહીં શકાય કે ઇમેજની જેમ જ ટ્રીઓ શબ્દ અંગ્રેજી પાસેથી ગુજરાતીમાં પ્રવાહિત કર્યો, શરૂઆતમાં આ લઘુ કાવ્યપ્રકાર 'તનક' નામ ધારણ કરીને ઉછેર્યો અને 'ટ્રીઓ' નામથી વિકસ્યો.

'ટ્રીઓ' ગુજરાતી સાહિત્યમાં છેલ્લા થોડાક વર્ષોથી એટલે કે વીસમી સદીના ઉત્તરાર્ધથી આવેલ કાવ્યપ્રકાર છે. કોઈ પણ સાહિત્યમાં શૈલી-સ્વરૂપ અને આકૃતિમાં નવા વહેણ ફૂટે તે પ્રસન્નકર ઘટના છે. સાહિત્ય જીવંત હોવાની શાહિદી છે. થોડા વર્ષો પહેલા એટલે કે ગાંધીયુગ પ્રવર્તમાન હતો તે વખતે સ્નેહરશ્મીદ્વારા જાપાની કાવ્યરોપો હાઇકુ વવાયો અને કાળક્રમે ગુજરાતી થઈ ગયો. એવી રીતે મધુ કોઠારી, સતીશ ડણાક, હસમુખ રાવળ, રમેશ આચાર્ય, જેવા કવિઓ દ્વારા કલ્પન કેન્દ્રિત નવો કાવ્યપ્રકાર ટ્રીઓ અવતર્યો. 'એક્સપેરિમેન્ટલ ગ્રુપના આ કવિઓએ આ નવા છોડને ગુજરાતી કવિતાની ભૂમિમાં રોપવા પૂરતી કાળજી લીધી. લઘુકાવ્યના એક પ્રકાર તરીકે ટ્રીઓનું ગુજરાતી કવિતામાં 'મોનો-ઇમેજ' પહેલા અવતરણ થયું. ટ્રીઓમાં એક જ વિષયને લઈને ત્રણ પંક્તિઓ રચવાની હોય છે. આ પ્રકાર હાઇકુના કલેવરને મળતો આવતો છે, પણ તેમાં સત્તર અક્ષરનું બંધન નથી. કવિને અહીં ખૂલીને અભિવ્યક્ત થવા જરૂરિયાત મુજબ શબ્દોની છૂટ મળે છે, પરંતુ અક્ષર બંધન ન હોવાને કારણે કવિએ લાંબી- લાંબી પંક્તિઓ યોજીને વ્યાખ્યાઓ નથી રચવાની, કવિએ અહીં અક્ષરબંધીથી છૂટ એટલે  લેવાની હોય છે કે, પોતે જે અભિવ્યક્તિ કરવા માંગે તે સુયોગ્ય રીતે થાય, ભાવ પાકા  કાંઠે મજબૂતાઈ પકડે, માટે આ કાવ્યપ્રકારમાં સત્તર અક્ષરના બંધનથી મુક્તિ અપાઈ છે, અહીં કવિને સ્વતંત્ર રાખવામાં આવ્યો છે. જેથી કવિને જરૂર જણાઈ એટલી શ્રુતિઓ ઉમેરી પોતાના ભાવવિશ્વને કાવ્યમાં જાળવી શકે. ટ્રીઓ કાવ્યપ્રકારમાં અનિવાર્ય શરત માત્ર એટલી કે ત્રણ પંક્તિઓમાં કાવ્ય નીપજવું જોઇએ .

ગુજરાતી કવિતામાં એક સમય એવો હતો કે 'હાઇકુ ફેંક્યું, હાઇકુ કાંઈકું,' એવું કહેવાતું. હાઇકુનું ખેડાણ એટલું વિપુલ પ્રમાણમાં થયું કે હાઇકુ લઘુ કાવ્યપ્રકાર લોકપ્રિય બન્યો, પણ પછી એ લપટો પડી ગયો. આવી સ્થિતિ ઊભી થઈ તે વેળાએ મધુ કોઠારી નવા પ્રકારની જરૂરિયાત જણાઈ. પરંતુ આ ગ્રુપે વિચાર્યું કે હાઇકુની જેમ જ અનેક વિષય પર આ પ્રકાર રચાય તો પછી એ હાઇકુ જેવી રચના થાય. તેમા પ્રયોગ થયો કહેવાય નહીં, તેથી આ પ્રકારને જુદો તારવવા માટે એક એવું વિશિષ્ટ ઘટક ઊભુ કરવામાં આવ્યું, કોઈ એક જ કલ્પન પસંદ કરી તેના પર ત્રણ પંક્તિઓ રચવી, તેમા આધુનિક કલ્પનોને વધુ યોગ્યતા આપવી. આમ, હાઇકુથી આ પ્રકારને જુદો પાડવા માટે કલ્પનનું બંધન મૂકવામાં આવ્યું. હાઇકુમાં ત્રણ પંક્તિઓની ચોક્કસ ગોઠવણી હોય છે પાંચ-સાત-પાંચ અક્ષરોની ત્રણ પંક્તિઓ રચવી, જ્યારે ટ્રીઓમાં આવી કોઈ ગોઠવણી નક્કી કરેલ નથી, માત્ર એક જ બંધન, કે કોઈ એક જ કલ્પન લઈને તેના પર ત્રણ પંક્તિનો ઊભી કરવી. તેમ છતાં આ કાવ્યપ્રકારમાં કવિએ કાવ્ય છટકી ન જાય અને માત્ર નિવેદન ના બની જાય તેની તકેદારી રાખવાની હોય છે. કવિએ એક જ કલ્પન દ્વારા જુદા જુદા સંવેદનો ઊભા કરવાના હોય છે. આવા વિચાર વિમર્શને અંતે ટ્રીઓનું ખરું બંધારણ નક્કી થયું, આવી કવિતા  'ડ્રાઉં ડ્રાઉં' નામના સામયિકમાં પ્રકાશીત થઈ. અછાંદસ શૈલીના આ લઘુ કાવ્યપ્રકારમાં દશ્ય, ત્વક્, સ્પર્શ, ધ્રાણ, શ્રાવ્ય, સ્વાદ જેવા પંચકલ્પનનો વિનિયોગ હોય છે. કવિ કલ્પનને કેટલીક તાદશ્યતાથી ઉપસાવી આપે છે, તેમા જ આ કાવ્યપ્રકારની સફળતા છે. ટ્રીઓના વિકાસમાં ચુનીલાલ મડિયા, શ્રી રાધેશ્યામ શર્મા, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, વગેરે વિવેચકોનો મધુ કોઠારીને મહત્ત્વનો સાથ-સહકાર રહ્યો છે. હજૂ આ કાવ્યપ્રકારને ઝાઝી સફળતા મળી નથી. આપણા નવોદિત કવિઓને હાથે આ કાવ્ય પ્રકાર ખેડાઈ અને હાઇકુ જેટલી પ્રસિદ્ધિ મેળવે, તેવી શક્યતાઓ આ પ્રકારમાં છે.

ટ્રીઓ અને હાઇકુની તુલનાઃ ટ્રીઓ અછાંદસ શૈલીમાં રચાતો લઘુ કાવ્યપ્રકાર હોવાથી કવિને અભિવ્યક્તિની મોકળાશ મળે છે, જ્યારે હાઇકુમાં પાંચ-સાત-પાંચના ચોક્કસ માપની પંક્તિઓ રચવાના બંધનને કારણે કવિને પૂરતી મોકળાશ મળતી નથી. ટ્રીઓમાં કવિ પોતાની અનુકૂળતા પ્રમાણે પંક્તિઓનું માપ રાખી શકે છે, માત્રામેળ કે લઘુ ગુરુના બંધન પણ કવિને નડતા નથી. તેથી ભાવવિશ્વને પ્રગટ કરવામાં કવિને પૂરતી મોકળાશ મળે છે. કૂંડામાં વાવેલા છોડને આવેલા ફૂલો અને જમીનમાં વાવેલા છોડને આવેલાં ફૂલોમાં આભ- જમીનનો ફરક હોય છે, જેની પ્રતીતિ ભાવકને થયા વિના રહેતી નથી. ટ્રીઓમાં ઓછા બંધનને કારણે એના તત્વો એકબીજાને એટલા બધા પૂરક બની રહે છે કે આવી કવિતા સૌંદર્ય રૂપ ધારણ કરી લે છે. અનુભૂતિ અને સંવેદનાની તીવ્રતાને ચોક્કસ દિશામાં ગતિ મળતી હોવાથી સાહજિકતા અને ભાવાવેગ સ્વયંભૂ નીપજ હોવાથી ટ્રીઓ લઘુ-કાવ્ય પ્રકાર કવિઓનું રસનું કેન્દ્ર બન્યો. અછાંદસ શૈલીને કારણ ટ્રીઓમાં ભાવ સંવેદન પૂર્ણતાને પામે છે, અને

આંતરિક લયનો અનુભવાય છે. અછાંદસ શૈલીને કારણે કવિએ જ્યાં અટકવું હોય ત્યાં અટકી શકાય છે. પ્રણય કે વેદનાની અભિવ્યક્તિને ચરમસીમા સુધી લઈ જઈ શકાય છે.

આપણે કવિ મધુ કોઠારીના જ ટ્રીઓ દ્વારા આ કવિતાના ઘટક તત્વોનો અભ્યાસ કરીએ, તેમની કવિતામાં નવતર પ્રકારના આધુનિક સમયગાળામાં ઉભરી આવેલા કલ્પનોની પસંદગી કરેલી જણાઈ છે. તેઓ મૂળે આધુનિક કવિ હોય અને આધુનિકતા એમના રગેરગમાં વસી ગઈ હોવાથી, તેમની કવિતામાં આધુનિક ભાવવિશ્વને પ્રગટ કરતા કલ્પનો જોવા મળે છે. તેમના કલ્પનો હંમેશા નાવિન્યસભર હોય છે. તેઓએ જુદા જુદા કલ્પનો વડે કાવ્યમાં મીથ, ફેન્ટસી, વ્યાખ્યા નિર્મિતિ વગેરેનો સુપેરે પ્રયોગ કર્યો છે. તેમની અછાંદસ શૈલી પણ સરલ અને તરલ છે. તેમાં તત્સમ શબ્દોનું ભારણ જણાતું નથી, કેટલીક વાર અંગ્રેજી શબ્દો આવતા હોય છે પણ તે ભાવકને કઠતા નથી. તે સહજતાથી પ્રયોજાય છે, જે રસક્ષતિ ઉત્પન્ન કરતા નથી. તેમનું એક ટ્રીઓ કાવ્ય જોઇએ :

**<u>ટેલીફોન</u>**

વાતોડિયો માણસ.
નંબરોનુ જંગલ.
સંબંધોની ડીક્ષનરી.

આ દ્દષ્ટાંત રૂપે મૂકેલા ટ્રીઓ કાવ્યમાં અભ્યાસી શકાય કે, તેમાં માત્ર એક જ કલ્પન પ્રયોજાયું છે. કવિએ અહીં 'ટેલીફોન' એવા આધુનિક કલ્પનને પ્રયોજી તેના પર આહ્લાદક ત્રણ પંક્તિઓ રચી છે. ટેલીફોનએ દૂરસંવેદી આધુનિક માધ્યમ, એના દ્વારા માણસ સામેની વ્યક્તિ સાથે વાત કરી શકે છે, આ કલ્પન શ્રવણેન્દ્રિય સાથે જોડાયેલું છે. આમ ટેલીફોનને વાતોડિયો માણસ, નંબરોનું જંગલ, સંબંધોની ડિક્શનરી એન જુદી જુદી રીતે કલ્પીને વિશિષ્ટ કાવ્ય રચના કરી છે.

મધુ કોઠારીને ગઝલ અને ગીત કરતા કોઈ જુદો જ કાવ્યપ્રકાર શોધવાની આકાંક્ષા હતી, ગુજરાતી કવિતાની સ્થિતિ જોતા એમને તો જ કંઈક નવું ઉતરશે એવા ખ્યાલો ઊભા થયા. સ્વાભાવિક રીતે જ એમના કવિચિત્ત અછાંદસ શૈલી તરફ દોરાયું, થયું કે અછાંદસ શૈલીમાં જ પ્રયોગો થઈ શકે તેમ છે, આવી સૂઝથી મધુ કોઠારીએ 'ટ્રીઓ'માં અછાંદસ શૈલીનો પ્રયોગ કર્યો. તે ઉપરાંત શીર્ષક આપવાનું પણ નક્કી કર્યું.

**<u>મીણબત્તી</u>**

મીણબત્તી
એટલે પ્રકાશની
વણઉકેલ ભાષા.

અહીં મીણબત્તીના કલ્પન દ્વારા કવિએ અલૌકિક ચેતનાને પ્રગટ કરી છે. મીરબત્તી એ પ્રકાશ ફેલાવવાની ચીજ છે, આ સૂક્ષ્મ પ્રકાશના તળિયે પહોંચવાની માણસની શક્તિ નથી. સંતના હાથમાં દીવો હોય તેનો પ્રકાશ જુદો હોય છે અને ચોરના હાથમાં રહેલી ટોર્ચનો પ્રકાશ પણ જુદો હોય છે. આમ પ્રકાશને વાંચવો એ ઘણું મુશ્કેલ છે.

ટ્રીઓ લઘુ કાવ્ય પ્રકાર એ મધુ કોઠારીનો આધુનિક વિલક્ષણ પ્રયોગ છે. મધુ કોઠારીનો 'એક્સપરિમેન્ટલ ગ્રુપ' ચલાવતા હતા આ પ્રાયોગિક ગ્રુપમાં કવિતાના ભવિષ્ય વિશે વિવિધ ચર્ચાઓ થતી રહેતી, આધુનિક યુગમાં જાપાની કવિતા માટે ગુજરાતીમાં હાઇકુ આણનાર સ્નેહરશ્મિના આ પ્રયાસમાં મધુ કોઠારીને મર્યાદાઓ જણાઈ, અને આવા કાવ્ય વિચારને અંતે ટ્રીઓનો પ્રાદુર્ભાવ થયો. આ ગ્રુપના કવિઓ દ્વારા કવિતાક્ષેત્રે નવા નવા પ્રયોગો કરવામાં આવતા હતા. તેમણે પ્રકાર શોધ્યો, અને તેમા તેઓ એ થોડા પ્રમાણમાં સર્જન કર્યું પછી તે બીજા સાહિત્ય પ્રકાર શોધવા તરફ વળી ગયા. આવી કવિતા જે કવિઓ દ્વારા સર્જાઈ છે તેમાના કેટલાક કવિઓ ટ્રીઓ દ્વારા નજીકથી પરિચય મેળવીએ.

આ પ્રકારમાં રચના કરવાની સૌ પ્રથમ પહેલ મધુ કોઠારીએ કરી એ રીતે જોઇએ તો ગુજરાતી કવિતામાં પહેલ વહેલુ ટ્રીઓ કાવ્ય 'વૃક્ષ' નામે મધુ કોઠારીએ આપ્યું જે જોઇએ;

**<u>વૃક્ષ</u>**

ઊભું છે સૈનિકની જેમ

લીલા રંગનું મકાન
જાણે પાંદડાનું બાલમંદિર

ગુજરાતી કવિતાના પ્રયોગશીલ પ્રવાહમાં 'ટ્રીઓ' લઘુ કાવ્યપ્રકાર એક મહત્વપૂર્ણ અને નોંધપાત્ર સર્જનાત્મક ઉપક્રમ તરીકે અવતરી આવ્યો હતો. આ કાવ્યસ્વરૂપનું પ્રારંભિક નિર્માણ સૌપ્રથમ મધુ કોઠારી દ્વારા થયું હતું. અનુપશ્ચાત્ સતીશ ડણાક, હસમુખ રાવલ, આશિત હૈદરાબાદી તથા હસમુખ પટેલ 'શૂન્યમ્' જેવા સર્જકોએ આ કાવ્યપ્રકારને અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ બનાવી તેનું સર્જનાત્મક ખેડાણ કર્યું હતું.

આ સમગ્ર પ્રવૃત્તિનો કેન્દ્રબિંદુ રહેલું 'એક્સપેરીમેન્ટલ ગ્રુપ' ગુજરાતી કવિતામાં નૂતન અભિવ્યક્તિ-સંભાવનાઓને અન્વેષિત કરવા માટે પ્રતિબદ્ધ હતું. પરંપરાગત કાવ્યરૂપોની મર્યાદાઓને અતિક્રમીને કાવ્યભાષા, રચનાત્મક બંધ અને અભિવ્યક્તિ-પ્રણાલીમાં નવી દિશાઓ શોધવાનો તેમનો મૂળભૂત અભિગમ હતો. 'ટ્રીઓ' એ આ જ સર્જનાત્મક ચેતનાનું પરિણામ ગણાય છે. સંક્ષિપ્તતા, ગાઢ સંવેદનાભિવ્યક્તિ અને કલાત્મક સંકેતસભરતા જેવા લક્ષણોને કારણે આ કાવ્યપ્રકાર ગુજરાતી લઘુકાવ્ય પરંપરામાં વિશિષ્ટ ઓળખ પ્રાપ્ત કરનાર બન્યો હતો.

તથાપિ, પ્રયોગશીલતાને કેન્દ્રસ્થાને રાખનાર આ મંડળ સતત નવી સર્જનાત્મક સંભાવનાઓ તરફ ગતિશીલ રહ્યું. પરિણામે, 'ટ્રીઓ' સિવાયના અન્ય કાવ્યપ્રયોગો અને નૂતન સ્વરૂપોના સંશોધન-સર્જન તરફ તેમનું ધ્યાન વધુ કેન્દ્રિત બન્યું. આ પરિસ્થિતિમાં 'ટ્રીઓ' કાવ્યપ્રકારનું સતત અને સુવ્યવસ્થિત ખેડાણ થતું રહ્યું નહીં, અને ધીમે ધીમે આ સ્વરૂપ મુખ્ય સાહિત્યપ્રવાહમાં ક્ષીણ બનતું ગયું. તેમ છતાં, અનેક નામી તથા અનામી કવિઓએ આ કાવ્યપ્રકારમાં સર્જનાત્મક અભિવ્યક્તિના વિવિધ પ્રયોગો કરીને તેની શક્યતાઓને જીવંત રાખવાનો પ્રયાસ કર્યો હતો.

'એક્સપેરીમેન્ટલ ગ્રુપ'નો મૂળભૂત આશય ગુજરાતી કવિતાને નવી અભિવ્યક્તિ-દિશા પ્રદાન કરવાનો હતો. આ દૃષ્ટિએ તેમણે 'ટ્રીઓ' જેવા નૂતન કાવ્યસ્વરૂપને ગુજરાતી સાહિત્યને અર્પણ કર્યું, પરંતુ તેની લોકપ્રિયતા, વ્યાપક સ્વીકાર્યતા અને સર્જનપરંપરાના વિકાસની જવાબદારી મુખ્યત્વે અનુગામી તથા નવોદિત કવિઓના ભરોસે રહી ગઈ. આજના સમયમાં પણ આ કાવ્યપ્રકાર પ્રત્યે ઘણા કવિઓમાં આકર્ષણ જોવા મળે છે અને તેની અંદર સર્જનાત્મક વિકાસની વિશાળ સંભાવનાઓ હોવાનું તેઓ અનુભવે છે.

***

- ***સંદર્ભ***

૧. કોઠારી, મધુ. *પળનું કમળ.* ફીલિંગ પ્રકાશન, રાજકોટ,

૨. બ્રહ્મભટ્ટ, તેજલ. *મધુ કોઠારીનું સર્જક વ્યક્તિત્વ અને સર્જકત્વ: એક અભ્યાસ.* ફીલિંગ પ્રકાશન, ૨૦૧૮

3. દવે, કિરીટ. મધુ કોઠારી આધુનિક કવિ, જ્ઞાનમંદિર પ્રકાશન, અમદાવાદ